
# માહિતી અધિકારના બે દાયકાએ...




ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

'રાઈટ ટુ ઈન્ફોર્મેશન'ને બે દાયકા થયા છે અને આ અધિકાર નાગરિકોને સરકારી તંત્ર પાસેથી કે અન્ય સંસ્થાઓ પાસેથી આવશ્યક માહિતી મેળવવા માટે ખાસ્સો મદદરૂપ રહ્યો છે. આપણે ત્યાં સામાન્ય રીતે સરકારીતંત્રમાં અધિકારીવર્ગ કોઈ પણ માહિતીને આપવાનું ટાળે છે. માહિતી ન આપવી, અધૂરી આપવી અથવા તો સદંતર ટાળી દેવું તે બે દાયકા પહેલાં સરકારી કચેરીઓમાં ખૂબ સ્વાભાવિક હતું. ઘણાં કિસ્સામાં તો લોકોના જીવન સાથે જોડાયેલી માહિતી આપવામાં તંત્ર ગલ્લાંતલ્લાં કરે છે. આઝાદી પછી પાંચ દાયકા સુધી દેશનો આ હાલ રહ્યો હતો; તેમાં ભાગ્યે લોકોને માહિતી મેળવવામાં સરકાર તરફથી સુખદ અનુભવ થતો. આ સ્થિતિમાં પરિવર્તન લાવવા એક આંદોલન રાજસ્થાનના મધ્ય ભાગમાં આવેલા બ્યાવરમાં 1996ના અરસામાં થયું હતું. અને તેથી બ્યાવર શહેરને આજે 'RTI સિટી' તરીકેની ઓળખ મળી છે.

બન્યું એમ હતું કે આજનું બ્યાવર શહેર જિલ્લો નહોતો તે વખતે રાજસ્થાનમાં પંચાયત અને શહેરી ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર વ્યાપ્યો હતો. આ ભ્રષ્ટાચાર સામે લોકોએ અવાજ ઊઠાવ્યો અને કેટલાંક કિસ્સામાં તો માહિતી ન આપીને ભ્રષ્ટાચાર પર ઢાંકપિછોડો કરવામાં આવતો હતો. આ લડત 'મજદૂર કિસાન શક્તિ સંગઠને' ઊપાડી, અને તેનું કેન્દ્ર બન્યું બ્યાવર. અહીંયા 40 દિવસનાં ધરણા યોજવામાં આવ્યા હતા અને તેને પૂરા રાજસ્થાનમાંથી આવકાર મળ્યો. આસપાસના ગામના લોકો બ્યાવરમાં આવવા લાગ્યા. આશ્ચર્ય થાય પણ માહિતીનો અધિકાર માંગનારા મોટા ભાગના ગ્રામીણ પૃષ્ઠભૂમિ ધરાવનારો ગરીબ વર્ગ હતો. આ વિરોધ પ્રદર્શન દરમિયાન 'હમ જાનેંગે, હમ જિયેંગે' સૂત્ર પ્રચલિત બન્યું. આ લડતની અસર એટલી વ્યાપક હતી કે કુલદીપ નૈયર, પ્રભાષ જોષી અને નિખીલ ચક્રવર્તી જેવાં ગણમાન્ય પત્રકારો બ્યાવરમાં આવ્યા અને તેમણે આ વિશે મુખ્યધારાના અખબારોમાં લખ્યું હતું. હવે આ અધિકાર બે દાયકા પછી કઈ સ્થિતિમાં છે અને આજે પણ તે અધિકાર અમલી બન્યો તેટલો જ અસરકાર રહ્યો છે? તે જાણવું જોઈએ. પણ તે અગાઉ અરૂણા રોય લિખિત RTI વિશેના એક મહત્ત્વનાં પુસ્તકની વાત ટૂંકમાં.

આ પુસ્તકની પ્રસ્તાવનામાં ગાંધીનિષ્ઠા ધરાવનારા ગોપાલકૃષ્ણ ગાંધી લખે છે- 'કોઈ પણ બાબતને જાણવાનો અર્થ છે કે તે બાબતને સમજવી. સમજ એ સ્પષ્ટતા આપે છે કે તમે તેની સામે શાંતિથી રહેશો કે ઝઝૂમશો. અજ્ઞાનતા અંધકારમાં રાખે છે. અંધકારમાં હોવું તેનો અર્થ એક સ્થાને અટકી જવું. અટકી જવા માટે મનુષ્યનું મસ્તિષ્ક બન્યું નથી. જ્ઞાન ઈંધણ છે અને બૌદ્ધિકક્ષમતા ઊર્જા. જ્ઞાન ઔર બૌદ્ધિકતા કોઈ પણ સ્થિતિને પહોંચી વળવા સક્ષમ છે. દરેક પરિવર્તન અને પડકાર સાથે તે આગળ વધે છે. આ પ્રતિભા કે કૌશલ્યમાં મનુષ્યનું અસ્તિત્વ સમાવિષ્ટ છે. જેનાથી તે પ્રગતિ કરે છે અને આનંદિત રહે છે. અજ્ઞાનતા મનુષ્યની શક્યતાને ખતમ કરી દે છે. તેનાથી ખરાબ વિચાર એ છે કે તેના પર રહેતાં નિર્ભર લોકો પર પણ જોખમ ઊભું થાય છે. વ્યક્તિની અજ્ઞાનતાનું જો આ પરિણામ આવે તો સમજો કે લોકોના સમૂહ અને પૂરી વસતીનું શું થાય?'

તે પછી પ્રસ્તાવનાકાર ગોપાલકૃષ્ણ ગાંધી આઝાદીથી લઈને 'RTI' અધિકાર તરીકે આવ્યો તે સમગ્ર ચિત્ર ટૂંકમાં આપે છે. પરંતુ તે પછી 'RTI' અંગે નિરાશાની વાત પણ છેવટે કરે છે. તેઓ કહે છે કે 'RTI' કાર્યકર્તાઓ અને તેનો પ્રચાર કરનારાઓનું જીવન જોખમમાં છે. એટલું જ નહીં તેઓ એમ પણ કહે છે કે જેમ દેશની ભૂગોળની અખંડિતતા જાળવવા અર્થે સૈનિકની શહીદીને આપણે શોક મનાવીએ છીએ, તે બંધારણની અખંડિતતા માટે આવાં સૈનિકો શહીદ થાય છે ત્યારે આપણે શોક મનાવીએ છીએ. ફર્ક માત્ર એટલો છે કે સૈનિક સીમા પારની ગોળીથી શહીદ થાય છે, જ્યારે બંધારણ માટે શહીદ થનારાઓનો ભોગ લેનારાં આપણા દેશવાસી છે.


'RTI' અંગે અરૂણા રોયના અનેક લેખો અને મુલાકાતો ઉપલબ્ધ છે. હજુ પણ 'RTI' અંગે જાગ્રતતા લાવવાનું કાર્ય અટક્યું નથી. આ વિશે અરૂણા રોય એક મુલાકાતમાં કહે છે કે, 'કેટલીક બાબતો એવી હોય છે કે તેના પર સમાધાન ન કરી શકાય. પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ આપણા જાહેર જીવનનો સૌથી અગત્યનો હિસ્સો છે.' તેઓ એમ પણ કહે છે કે, 'માહિતીનો અધિકાર ન માત્ર કાયદો છે, બલ્કે લોકશાહીની આત્મા છે. આ અધિકાર માટે લોકો બલિદાન આપ્યું છે. તેથી આ કાયદાને અકબંધ રાખવાની જવાબદારી નાગરિકોની છે.' 'RTI'ના અધિકારથી સરકારમાં પારદર્શિતા તો આવી, પરંતુ સત્તા પર ટકી રહેનારાઓને આ કાયદો માફક ન આવ્યો. અને તેથી માહિતી અધિકારની ધાર કાઢી નાંખવાના અનેક વખત પ્રયાસ થયા છે. આ અંગે અરૂણા રૉય કહે છે કે, 'આજે ડિજિટલ ડેટા પ્રોટેક્શન અને રાજકીય પક્ષોના નામની આડમાં જવાબ આપવાની સૌ કોઈ ના કહી રહ્યા છે. એટલું જ નહીં, માહિતી આયોગમાં બેસેલા લોકો પણ સરકારના કહ્યાગરા છે અને તેઓ જ પ્રજાનો અવાજ દબાવી રહ્યા છે.'

નાગરિકોને મળેલા આ અધિકારની સફળતાની કહાની છે તેમ હાલમાં તેને આડકતરી રીતે નાબૂદ કરવાના પણ કારસા ઘડાઈ રહ્યા છે. માહિતી અધિકાર માટે સૌથી ખતરા સમાન ગણાય તેવો એક અન્ય કાયદો છે તે 'ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ'. આ કાયદો અમલી બન્યા પછી કોઈ વ્યક્તિના નામથી માહિતી મેળવી શકાશે નહીં. એટલું જ નહીં દેશનો આ કાયદાનો અમલ રાજ્યવાર અલગ-અલગ રીતે થાય છે. તેમાં કોઈ એક પદ્ધતિ નથી. આ વિશે 'IDR' નામની વેબસાઈટ પર એક વિસ્તૃત રિપોર્ટ મૂકવામાં આવ્યો છે, જેમાં દર્શાવાયું છે કે અલમમાં 'RTI' રાજ્યવાર કેટલો અલગ-અલગ છે. જેમ કે 'RTI' અરજી કરવામાં ઓનલાઈન પેમેન્ટ લેવાય છે, પરંતુ વધારાના ખર્ચ અર્થે રાજસ્થાન સિવાય કોઈ પણ રાજ્ય ઓનલાઈન પેમેન્ટનો વિકલ્પ આપતું નથી. મોટા ભાગના રાજ્યો ડિમાન્ડ ડ્રાફ્ટ્સ અથવા પોસ્ટલ પેમેન્ટના મોડ પર કાર્યરત છે. ઉપરાંત ઘણાં રાજ્યોમાં ભાષામાં ઓછા વિકલ્પો છે. જેમ કે ઘણાં રાજ્યોમાં માત્ર પોર્ટલ પર અંગ્રેજી જ ભાષા દેખાય છે. તેમાં હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ અને હરિયાણા છે. આ રાજ્યોમાં પોર્ટલ પર હિંદી ભાષા સિલેક્ટ કરી શકાય તેવો વિકલ્પ ઝટ મળતો નથી. કર્ણાટક, પંજાબમાં પોર્ટલ દ્વિભાષામાં છે. તેમાં અંગ્રેજી અને સ્થાનિક ભાષા આપવામાં આવી છે પરંતુ હિંદી નથી.

'RTI'ને કાયદાકીય રીતે પણ સુરક્ષા મળી રહી નથી. સુપ્રિમ કોર્ટ દ્વારા 'ગિરીશ રામચંદ્ર દેશપાંડે વિરુદ્ધ કેન્દ્રિય માહિતી આયુક્ત અને અન્ય' કેસમાં ગિરીશ દેશપાંડે એક સરકારી અધિકારીને મળેલાં મેમો, કારણ બતાઓ નોટીસ અને દંડ સંબંધિત માહિતી માંગી હતી. ઉપરાંત ગિરીશ દેશપાંડેએ તેમની સંપત્તિ અને મળેલી ભેટોની પણ વિગતો માંગી હતી. જોકે સુપ્રિમ કોર્ટે તમામ દલીલો સાંભળીને આખરે 8(1)(જે) આધારે આ માહિતીને 'વ્યક્તિગત માહિતી'ના ખાનામાં નાંખી દીધી. કોર્ટ દ્વારા એમ કહેવામાં આવ્યું કે આ પ્રકારની માહિતી જાહેર પ્રવૃત્તિ કે જનહિત સંબંધિત નથી. તેનાથી વિપરીત એવી ટિપ્પણી કરવામાં આવી કે આ માહિતી તે વ્યક્તિની પ્રાઈવસીમાં દખલ ગણાશે. કોર્ટે આ પૂરી માહિતીમાં જાહેર બાબત સાથે સાંકળી જ નહીં. હવે 'RTI' વિશે વર્ષોથી કાર્ય કરનારાઓનું કહેવું છે કે મોટાભાગની માહિતી વ્યક્તિગત કહીને ટાળી શકાય. મતલબ કે હવે માહિતી અધિકાર અંતર્ગત માહિતી મેળવવી મુશ્કેલ બની ગઈ છે. 'ડાઉન ટુ અર્થ' પોર્ટલ પર પૂર્વ કેન્દ્રિય માહિતી આયુક્ત શૈલેશ ગાંધીએ તેમના લેખમાં આખરે સરસ લખ્યું છે કે, 'આપણે આ યાત્રાની શરૂઆત દુનિયાના શ્રેષ્ઠ કાયદા ઘડાયા તે રીતે કરી હતી. સક્રિય નાગરિકોએ આ કાયદાનો ઉપયોગ વ્યક્તિગત અને જાહેર હિત માટે કર્યો અને અન્યોને પણ તે શીખવ્યું. નાગરિકોને સશક્ત બનાવવા અને ભ્રષ્ટાચાર અટકાવવાથી આ કાયદાનો ઉદ્દેશ પૂરો થાત. દેશ સૌથી મોટી લોકશાહી જ નહીં, બલ્કે સૌથી સારી લોકશાહી પણ ગણાશે. પરંતુ તેના સામેના જોખમો વિશે હવે નાગરિકોએ અને મીડિયાએ વાત કરવાની થાય છે જેથી માહિતીનો અધિકાર અને લોકશાહી બંને સુરક્ષિત રહે.'

**માહિતી અધિકાર માટે સૌથી ખતરા સમાન ગણાય તેવો એક અન્ય કાયદો છે તે 'ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ'. આ કાયદો અમલી બન્યા પછી કોઇ વ્યક્તિના નામથી માહિતી મેળવી શકાશે નહીં**




# દુબઈ રિટર્નની દાસ્તાન

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ

ભારતીયો માટે આરબ દેશમાં નોકરી, મજૂરી કરીને કમાવાનો સુવર્ણ યુગ હવે ગયો. હવે તો પહેરેલાં કપડે ઘરે પાછા આવવાના દિવસો આવી ગયા છે. જે કરવું હતું એ બધું કરી લીધું અને જે થવાનું હતું એ થઈ ગયું. આપણે ભારતીયો આરબ દેશોમાં બહુ પહેલા જ્યારે ત્યાં કંઈ નહોતું ત્યારના પહોંચી ગયા હતા અને ખૂબ કમાવા લાગ્યા હતા. હવે આરબ લોકોનું નસીબ એમના સુધી પહોંચી ગયું છે. એટલે આપણા લોકોની કમાણી ઓછી થવા માંડી અને નવી નોકરીઓ નથી મળતી. હવે સમય આવી ગયો છે કે આપણે સસ્તામાંના કોટ-પેન્ટ ખરીદી લઈએ, શાર્પનું ટુ-ઈન-વન હાથમાં લઈને, સ્પેનિશ ધાબળાઓને પ્લાસ્ટિકની સાદડીમાં લપેટીને અને એક જાડા તળિયાંવાળા મોંઘા જૂતા ખરીદીને ભારત તરફ પાછી ચાલતી પકડીએ. આ જ જાડા તળિયાંવાળા જૂતા તમને ભારતમાં નોકરી શોધતી વખતે ભારતીય રસ્તા પર કામ આવશે. આ જાડા તળિયાંવાળા જૂતા બહુ જરૂરી છે કારણ કે આગળ ચાલીને એ બહુ ઘસાવાના છે.

દુબઈ ગયેલાને એક પત્ર લખવાનું મન થાય કે- 'દેશને તો તારી જરૂર છે નહીં એટલે તું આવે તો પણ સારું અને ન આવે તો બહું જ સારું! તારો આરબ દેશમાં જવાનો અર્થ એ જ કે અમારા માટે ત્યાંથી મનીઓર્ડર આવે. તમે કેરલાથી ગયા છો કે ઉત્તરપ્રદેશથી અમને તારી યાદ નથી આવતી. અહીં વસ્તી વધારો થયો છે અને બેરોજગારી પણ વધી છે. અમે તો વિચારી રહ્યા હતા કે થોડા બીજા લોકો અખાતના દેશોમાં જાય અને ત્યાંથી જ મનીઓર્ડર મોકલે. આ જે પૈસા આવી રહ્યા હતા એમાંથી આપણે એક અર્થ-વ્યવસ્થા બનાવી લીધી હતી. આ પૈસાને એક યોજના સાથે જોડી લીધી હતી. એવું માનીને કે તું મરી જશે ત્યાં સુધી આરબ દેશોમાં જ રહેશે. છેલ્લી ઘડી સુધી ઘરના લોકોને મનીઓર્ડર મોકલવાની સાથે સાથે આ દેશની મૂડી વધારતો રહીશ. આ દેશને એમના બહાર ગયેલા વૈજ્ઞાનિકોને પાછા બોલાવવાની ઈચ્છા થાય છે, મજૂરોને નહીં! પહેલેથી જ ઘણા મજૂરો છે જે બિનજરૂરી આ દેશમાં વધી રહ્યા છે.

પાછો આવી જા દોસ્ત, આ તારી મજબૂરી છે. અમે તો કહીએ કે પાછો ન આવ કારણ કે અમને તારી યાદ નથી આવતી. અમે ગામમાં તારા એક મનીઓર્ડરથી બીજા મનીઓર્ડર આવે એની વચ્ચેનો સમય બેસીને પસાર કરીએ છીએ. ઘરમાં એક માણસ મહેનત કરે છે, બાકી બધાં બેસીને ખાય છે. એ મહેનત કરવાવાળો ગામમાં ખેતી કરે કે પછી કાનપુરમાં રિક્ષા ચલાવે કે પછી દિલ્હીમાં બાંધકામમાં મજૂરી કરતો હોય કે પછી પંજાબમાં પાકની લણણી કરે કે પછી મુંબઈમાં કેન લઈને દૂધ વેચવા જાય કે પછી ખાડીના કોઈ પણ દેશમાં જતો રહે. વિદેશ એટલે વિદેશ. એ માણસ જીવે છે એની ખબર જે એ પૈસા મોકલે છે એનાથી થાય છે. મરી ના જાય તો એટલા દિવસ સુધી પત્ની ને ભાઈ રાહ જુએ.

**આ દેશને એમના બહાર ગયેલા વૈજ્ઞાનિકોને પાછા બોલાવવાની ઇચ્છા થાય છે, મજૂરોને નહીં! પહેલેથી જ ઘણા મજૂરો છે જે બિનજરૂરી આ દેશમાં વધી રહ્યા છે. પાછો આવી જા દોસ્ત, આ તારી મજબૂરી છે. અમે તો કહીએ કે પાછો ન આવ કારણ કે અમને તારી યાદ નથી આવતી**

પરંતુ તું એ પહેલાં જ પાછો આવી રહ્યો છે. અહિંયા જમીન ખરીદવા, હોટેલ કે દુકાન ખોલીને ધંધો કરવા, લગન કરવા, બેંકમાંથી લોન લેવા વગેરે માટે તું પાછો આવી જ ગયો. તારું નસીબ તારી પાછળ પાછળ આવી અને તને આ દેશમાં પાછું લઈ જ આવ્યું.

પાછી એ જ ધરતી, પાછા એ જ ઢસરડા, પાછું એનું એ જ જીવન.

ખાડીના દેશમાંથી કાઢી મૂક્યો અને ગામનાં કૂવા પર આવીને બેસી ગયો. તારું સ્વાગત છે પણ રાષ્ટ્રીય અભિપ્રાય એ છે કે તું ન આવતે તો જ સારું હોત. અરે હાં! તું ત્યાંથી બીજા કોઈ દેશમાં ના જઈ શકે? પ્રયત્ન તો કર!'

# કોમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાવાનું લગભગ નક્કી, દરેક ભારતીય માટે ગૌરવની ક્ષણ

બુધવારે કોમનવેલ્થ સ્પોર્ટના એક્ઝિક્યુટિવ બોર્ડ દ્વારા અમદાવાદની ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સના પ્રસ્તાવિત યજમાન તરીકે ભલામણ કરવામાં આવી હતી, જેનાથી બે દાયકા પછી ભારતમાં આ મોટી વૈશ્વિક રમત ઈવેન્ટની વાપસીનો માર્ગ મોકળો થયો છે અને સાથે જ આગામી 2036 ઓલિમ્પિક ગેમ્સના યજમાન બનવાની તેની મહત્વાકાંક્ષાને મજબૂતી મળી છે. કોમનવેલ્થ ગેમ્સના એક્ઝિક્યુટિવ બોર્ડે ગુરુવારે જાહેરાત કરી કે તેઓ મહાકુંભનું આયોજન કરવા માટે અમદાવાદની ભલામણ કરવા જઈ રહ્યા છે, ત્યારે ભારતીય રમતગમત જગતમાં ઉજવણીનો માહોલ છવાઈ ગયો અને સ્પષ્ટ થઈ ગયું કે શહેરનું નામ આગામી મહિનાની 26મી તારીખે અમદાવાદમાં સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે

કોમનવેલ્થ સ્પોર્ટના સંપૂર્ણ સભ્યપદની ભલામણ મોકલ્યા પછી, 26 નવેમ્બરે ગ્લાસગોમાં સંસ્થાની જનરલ એસેમ્બલીમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે.

ખેલખેલમેં

ભારતે 2010માં નવી દિલ્હીમાં પહેલીવાર ગેમ્સનું આયોજન કર્યું હતું. 2036માં ઓલિમ્પિક ગેમ્સના યજમાન બનવાની ભારતની શોધમાં કોમનવેલ્થ ગેમ્સના યજમાન અધિકારો મેળવવા એ પણ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ હશે, ઓલિમ્પિક્સ પણ અમદાવાદમાં યોજાવાનો પ્રસ્તાવ છે.

2030ની બિડમાં ભારત નાઈજીરીયાના શહેર અબુજાથી સ્પર્ધાનો સામનો કરી રહ્યું હતું, પરંતુ કોમનવેલ્થ સ્પોર્ટે 2034ની વિચારણા સહિત, ભવિષ્યની રમતો માટે આફ્રિકન રાષ્ટ્રની યજમાન મહત્વાકાંક્ષાઓને સમર્થન અને વેગ આપવા માટે એક વ્યૂહરચના વિકસાવવાનો નિર્ણય લીધો છે. કોમનવેલ્થ સ્પોર્ટના એક પ્રેસ રિલીઝમાં જણાવાયું છે કે, કોમનવેલ્થ સ્પોર્ટના એક્ઝિક્યુટિવ બોર્ડે આજે પુષ્ટિ આપી છે કે તે 2030 શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સ માટે પ્રસ્તાવિત યજમાન શહેર તરીકે ભારતના અમદાવાદને ભલામણ કરશે.

અમદાવાદને હવે સંપૂર્ણ કોમનવેલ્થ સ્પોર્ટ સભ્યપદ માટે રજૂ કરવામાં આવશે, જેનો અંતિમ નિર્ણય 26 નવેમ્બરના રોજ ગ્લાસગોમાં કોમનવેલ્થ સ્પોર્ટ જનરલ એસેમ્બલીમાં લેવામાં આવશે એવું તેમાં ઉમેરાયું હતું. કોમનવેલ્થ સ્પોર્ટના વચગાળાના પ્રમુખ ડૉ. ડોનાલ્ડ રુકરેએ જણાવ્યું હતું કે એક્ઝિક્યુટિવ બોર્ડને ભારત અને નાઈજીરીયા બંને તરફથી દરખાસ્તો પ્રેરણાદાયક મળી પરંતુ આખરે 2030 માટે અમદાવાદ પસંદ કર્યું. અમદાવાદની પસંદગી માટે ચાર મહત્વના મુદ્દાઓ કામ કરી ગયા હતા. તેમાંથી પહેલું છે મજબૂત માળખાગત સુવિધા અને વ્યૂહરચના. CWG એક્ઝિક્યુટિવ બોર્ડની ભલામણ અમદાવાદના સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે વિશ્વ કક્ષાના સ્થળો પર કેન્દ્રિત હતી, જેમાં 32,000 ક્ષમતા ધરાવતું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને ઉચ્ચ સ્તરીય પરિવહન માળખાનો સમાવેશ થાય છે. ભારતના પ્રસ્તાવમાં રમતોનું આયોજન સરળ અને ઓછું ખર્ચાળ કેમ હશે તેના કારણો પણ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. અમદાવાદે તાજેતરમાં કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપનું આયોજન કર્યું હતું અને શહેરના રમતગમતના માળખાને પણ મોટી-ટિકિટ મલ્ટી-સ્પોર્ટ સ્પર્ધાઓ સફળતાપૂર્વક યોજવા માટે અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે. સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ એ મુખ્ય સ્થળોમાંનું એક છે જે હાલમાં નિર્માણાધીન છે અને નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ઉપરાંત, તે એક્વેટિક્સ સેન્ટર અને ફૂટબોલ સ્ટેડિયમ તેમજ ઈન્ડોર રમતો માટે બે એરેના રાખવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત બીજો જે મહત્વનો મુદ્દો બંને દેશ વચ્ચેની આર્થિક તાકાતમાં કોઈ સરખામણી ન હોવાનો હતો. બંને દેશો વચ્ચે આર્થિક રીતે કોઈ સરખામણી નથી એ વાતમાં કોઈ ચર્ચા નથી. ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક શક્તિ બનવા માટે તૈયાર છે, પરંતુ નાઈજીરીયા હાલમાં 57મા ક્રમે છે. ખરીદ શક્તિ સમાનતાના સંદર્ભમાં ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે, પરંતુ નાઈજીરીયા 27મા ક્રમે છે. પરિણામે, એક્ઝિક્યુટિવ બોર્ડે નાણાકીય બાબતોને કારણે ભારતની બોલી તુલનાત્મક રીતે મજબૂત હોવાનું જોયું. રમતોના ઈતિહાસમાં, ભાગ લેનારા દેશોનો તેમના બજેટ કરતાં ઘણો વધારે ખર્ચ કરવાનો ઈતિહાસ રહ્યો છે. તેથી, નાણાકીય સ્થિરતા એ એક મુખ્ય પરિબળ છે જે ભારતની તરફેણમાં વજન ધરાવે છે. યજમાન અધિકારો મેળવવાનો આ અબુજાનો બીજો પ્રયાસ હતો. અગાઉ, તેણે 2014 માં તેનો પહેલો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે નિષ્ફળ ગયો હતો.

આ સાથે જ દેશમાં એક સ્થિર સરકાર હોવી એ એક મોટું કારણ બન્યું હતું. ભારત અને ગુજરાત સરકારે સંયુક્ત રીતે આ રમતોનું આયોજન કરવા માટે મજબૂત દાવેદારી રજૂ કરી હતી. કારણ કે રાજ્ય અને કેન્દ્ર સરકાર બંને સંયુક્ત રીતે 2026 ઓલિમ્પિક રમતોનું આયોજન ભારત પર કરી રહી છે. ભારતની મજબૂત રજૂઆત એ એક મુખ્ય કારણ હતું કે અમદાવાદ અબુજાને હરાવવામાં સફળ રહ્યું! અને ચોથો મુદો શાનદાર પ્રદર્શન ઈતિહાસનો રહ્યો હતો. કોમનવેલ્થ ગેમ્સ એક્ઝિક્યુટિવ બોર્ડ દ્વારા અમદાવાદની ભલામણ મુખ્યત્વે ભારતના મુખ્ય કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરવાના પ્રભાવશાળી ઈતિહાસને કારણે હતી. નવી દિલ્હીમાં 1982ના એશિયન ગેમ્સને બાજુ પર રાખીને, 2010માં નવી દિલ્હીમાં યોજાયેલા કોમનવેલ્થ ગેમ્સએ વિશ્વને દર્શાવ્યું કે ભારત મુખ્ય રમતગમત કાર્યક્રમોનું આયોજન કરવામાં કોમનવેલ્થ ગેમ્સથી આગળ વધવા માટે તૈયાર છે.

એ ઉલ્લેખનીય છે કે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું શતાબ્દી વર્ષ છે. ઓલિમ્પિક ગેમ્સની જેમ દર ચાર વર્ષે યોજાતી આવેલી કોમનવેલ્થ ગેમ્સનું 2030નું વર્ષ શતાબ્દી વર્ષ છે. પ્રથમ કોમનવેલ્થ ગેમ્સ 1930માં કેનેડાના હેમિલ્ટનમાં યોજાઈ હતી. અત્યાર સુધી યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સમાં ઓસ્ટ્રેલિયાએ સૌથી વધુ પાંચ વાર તેનું આયોજન કર્યું છે. ભારતે આ પહેલા 2010માં કોમમવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું હતું અને હવે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની ૧૦૦મી વર્ષગાંઠ ભારતના અમદાવાદમાં ઉજવાશે અને એ દરેક ભારતીય માટે ગૌરવની કહી શકાય તેવી વાત છે. ભારતે અત્યાર સુધીમાં ત્રણ મલ્ટી-સ્પોર્ટ ગેમ્સનું આયોજન કર્યું છે. જેમાં 2010માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન સામેલ છે, તેના પહેલા ભારતે 1982 અને 1951 માં એશિયન ગેમ્સનું આયોજન કર્યું હતું અને હવે ભારત બીજી કોમનવેલ્થ ગેમ્સ યોજવા માટે તૈયાર છે.




**કોમનવેલ્થ સ્પોર્ટના એક્ઝિક્યુટિવ બોર્ડ દ્વારા અમદાવાદની ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સના પ્રસ્તાવિત યજમાન તરીકે ભલામણ કરવામાં આવી તેની સાથે જ એ પાકું થઇ ગયું છે કે હવે આ ગેમ્સ ભારતમાં જ યોજાશે, ભારતને યજમાની મળવા માટે ચાર મહત્ત્વનાં કારણો કામ કરી ગયા તેમાં સૌથી મહત્ત્વનું કારણ માળખાગત સુવિધાનું અને સ્થિર સરકારનું રહ્યું છે**